**દાણીલીમડા પોલીસ સ્ટેશન પોલીસ ઈન્સ્પેક્ટરની કચેરી**
**દાણીલીમડા અમદાવાદ શહેર**

# <u>પ્રેસનોટ</u>

## <u>નાસતો ફરતો આરોપી ઝડપી પાડતી દાણીલીમડા પોલીસ</u>

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ તથા ના.પો.કમિ શ્રી ઝોન-૬ તથા મદદનીશ પો.કમિ.શ્રી "કે" ડીવીઝનનાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારના નાસતા ફરતા આરોપીને પકડી પાડવા અંગેની સુચના મળતા જે અન્વયે સિનિયર પોલીસ ઈન્સપેક્ટરશ્રી વી.આર.વસાવા સાહેબ નાઓની સુચના હેઠળ તેમજ માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

સર્વેલન્સ સ્કોડના એ.એસ.આઇ.જીતેન્દ્રકુમાર હિરજીભાઇ બ.નં.૮૦૬૫ તથા હેડ.કોન્સ. વિજયસિહ રજુજી બ.નં.૯૦૩૬ તથા હેડ.કોન્સ.ભરતભાઇ ધુળાભાઇ બ.નં.૩૩૧૮ તથા અ.હેડ.કોન્સ. કાનજીભાઇ અમીભાઇ બ.નં.૭૭૯૦ તથા પો.કોન્સ.કમલેશકુમાર હસમુખલાલ બ.નં.૬૧૭૭ તથા પો.કોન્સ.હર્ષદસિહ ગંભીરસિહ બ.નં.૪૭૮૫ નાઓ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ તે દરમ્યાન સાથેના સ્ટાફના હેડ.કોન્સ.વિજયસિહ રજુજી તથા હેડ.કોન્સ.કાનજીભાઇ અમીભાઇ નાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે <u>કાગડાપીઠ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૯૪/૧૯ ઇ.પી.કો.કલમ-૩૮૪,૧૭૦,૩૨૩,૧૧૪ વિગેરે મુજબ</u>ના ગુનામાં છેલ્લા ચૌદ દિવસથી નાસતો ફરતો આરોપી <u>ઈમરાન ઉર્ફે ઝીન્ગા ઉર્ફે પઠાણ સ/ઓ ઈમ્તિયાઝખાન પઠાણ ઉ.વ.૨૪ રહે : મ.નં.૧૧૧ રાજુ ગરીબનગર ના છાપરા,રુપ ડેકોરેશનની સામે બાપુનગર અમદાવાદ શહેર તથા મ.નં.૩૫ હાજી ગફ્ફારની ચાલી તીનબતી પાસે ગોમતીપુર અમદાવાદ શહેર</u>નાને સી.આર.પી.સી.કલમ-૪૧(૧) આઇ મુજબ પકડી લઇ પ્રશંસનીય કામગીરી કરેલ છે.

